




# મ્યૂઝિકના માધ્યમથી ચેરિટી

**સિટી રિપોર્ટર »**

સંગીત ઈશ્વરની શક્તિ છે અને તેના દ્વારા મન, તન અને આત્માને સુખનો અહેસાસ થાય છે. સિવિલ હોસ્પિટલના કામા હોલ ખાતે આજે દર્દીઓએ આ સંગીતરૂપી ઈશ્વરીય શક્તિના સાત સૂરો વચ્ચે અનેરો આનંદ મેળવ્યો હતો.

ખાસ સિવિલ અને ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના દર્દીઓને બે ઘડી દુઃખ ભુલાવી સંગીતની ધૂનમાં મશગૂલ કર્યા, શરણ્યમ સંગીત એકેડમીના વિદ્યાર્થીઓએ... એકેડમીના ડિરેક્ટર ડો. શિવાની કિનારીવાલા અને તેમના ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભેગા થઈને સિવિલ ખાતે ખાસ કેન્સરના દર્દીઓ માટે ચેરિટી શો ગોઠવ્યો હતો. જેમાં તેમણે હુ તુ તુ તુ..., અમે અમદાવાદી..., ઓ પાલન હારે..., હે ઈશ્વર યા અલ્લા... વગેરે જેવાં દસ ફિલ્મી તથા ગુજરાતી ગીતો ગાઈને ઉપસ્થિત સૌ કોઈને ઝુમાવ્યા હતા. આ અંગે વાત કરતાં ડો. શિવાની કહે છે કે આજે બેવડો પ્રસંગ હતો, અમે દર્દીઓને આનંદ અપાવવા માટે ખાસ આ સંગીતસંધ્યા રાખી હતી, સાથે મારી દાદીને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી. મારા દાદીને નામે તૈયાર થયેલા કેન્સરના બાળવિભાગમાં અમે બાળકોને કપડાં અને રમકડાં પણ આપ્યાં છે.

## કૅન્સરના દર્દીઓ માટે મ્યુઝિકલ નાઇટનું આયોજન કરવામાં આવ્યું

શહેરની સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગના દર્દીઓ માટેમ્યુઝિકલ નાઇટનું આયોજન કરવામાં આવ્યું હતું. અરવિંદ શ્રીમાળી અને તેમના કલાકારોએ ફ્રીમાં ભજનસંધ્યાના કાર્યક્રમનું આયોજન કર્યું હતું તે ઉપરાંત ફ્રીમાં રોપા આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે કેન્સર વિભાગના વડા ડો. પંકજ શાહ તેમજ અન્ય ડોકટર દર ગુરુવારે કેન્સરના દર્દીઓ માટે સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગમાં સારવાર લેતા દર્દીઓને મનોરંજન મળી રહે તે હેતુથી આવા કાર્યક્રમોનું આયોજન કરે છે.